# ગુજરાત સ્ટેટ એલિજીબીલિટી ટેસ્ટ

## GSET અભ્યાસક્રમ

કોડ નં : ૩૧

**વિષય : પર્ફોર્મિંગ આર્ટ્સ – નૃત્ય, નાટક, થિયેટર (PERFORMING ARTS – DANCE, DRAMA, THEATRE)**

### એકમ ૧ થી ૫ નૃત્ય અને નાટક/થિયેટર માટે સમાન અભ્યાસક્રમ

### એકમ ૧. ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ

- પ્રાગૈતિહાસિક કાળથી ઈ.સ. ૧૨૦૦ સુધીની ભારતની સંસ્કૃતિઓ
- પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક સમયગાળામાં કલાનો વિકાસ, જે ગુફા ચિત્રો, શિલ્પો અને અન્ય દ્રશ્ય નિરૂપણોમાં જોવા મળે છે
- નૃત્ય અને નાટકનો વિકાસ, (અ) નાટ્યશાસ્ત્ર મુજબ દૈવી ઉત્પત્તિનો સિદ્ધાંતઅને, (બ) સમાજની પેદાશ તરીકે કલા, તેની ધાર્મિક વિધિઓ અને માન્યતા પ્રણાલીઓ
- વેદ, મુખ્ય મહાકાવ્યો અને પુરાણો (રામાયણ, મહાભારત, સિલપ્પાદિકરમ અને ભાગવતપુરાણ) તેમના વિષયવસ્તુ, પાત્ર અને નૃત્ય તથા નાટક સાથેની પ્રસ્તુતતાના સંદર્ભમાં
- ભક્તિ અને વિવિધ ધાર્મિક આંદોલનો અને નૃત્ય તથા નાટક પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સંસ્કૃતિના વિવિધ પ્રતિનિધિ પાસાઓ પર તેમનો પ્રભાવ

### એકમ ૨. ભારતના લોક અને પરંપરાગત નાટ્ય સ્વરૂપો

- ભારતીય નૃત્ય અને નાટકના સંદર્ભમાં આદિવાસી, લોક, પરંપરાગત અને શાસ્ત્રીય શબ્દોની સમજ, વ્યાખ્યા અને તેમનો આંતર-સંબંધ
- ભારતના વિવિધ પ્રદેશોમાં ફેલાયેલા વિવિધ આદિવાસી, લોક અને પરંપરાગત નૃત્ય અને નાટ્ય સ્વરૂપોનો પરિચય
- કુડિયાટ્ટમ, યક્ષગાન, ભાગવતમેલા, તમાશા, રામલીલા, રાસલીલા, ભવાઈ, નૌટંકી, જાત્રા, છાઉ, લાઈહરોબા, થેરુક્કુથુ, થૈયમ, અંકિયા-નાટ, પંડવાની, ચિંદુ ભાગવત, ભંડ જશન અને અન્ય પ્રાદેશિક નાટ્ય પ્રથાઓનો પરિચય
- આ સ્વરૂપોમાં વપરાતા વિવિધ સંગીત વાધો, વેશભૂષા અને રંગભૂષા વિશેની જાગૃતિ

### એકમ ૩. નાટ્યશાસ્ત્ર

- નાટ્યશાસ્ત્રનું જ્ઞાન અને નાટ્ય તથા નૃત્તનો ખ્યાલ
- અભિનય, ધર્મી, વૃત્તિ, પ્રવૃત્તિ અને આતોદ્ય જેવા અગિયાર પાસાઓ (એકાદશ સંગ્રહ) ને લગતા પ્રકરણોનો અભ્યાસ. સામાન્ય અને ચિત્રાભિનય અને તેમનું વર્ગીકરણ
- દશરૂપક
- નાટ્યગૃહ અને રંગમંચ – બાંધકામ, પ્રકારો અને વિવિધ તત્ત્વો
- પૂર્વરંગવિધિ અને મંચ પરંપરાઓ જેમ કે કક્ષ્યા વિભાગ વગેરે

### એકમ ૪. કલા અને સૌંદર્યશાસ્ત્ર

- ભરતનું 'રસસૂત્ર'
- ભટ્ટલોલ્લટ, શ્રી શંકુક, ભટ્ટનાયક અને અભિનવગુપ્ત જેવા ટીકાકારો દ્વારા રસના સિદ્ધાંતનું વિસ્તૃતીકરણ
- રસ અને તેના ઘટક તત્ત્વો, જેમ કે સ્થાયી, સંચારી અને સાત્વિક ભાવો અને તેમના અનુરૂપ વિભાવો અને અનુભાવો
- કલાની વ્યાખ્યા, ઉદ્દેશ્ય અને તત્ત્વો
- પ્રદર્શનલક્ષી અભ્યાસ (પરફોર્મન્સ સ્ટડીઝ) અને કલા પરના મહત્ત્વના પાશ્ચાત્ય સિદ્ધાંતોનો સંક્ષિપ્ત પરિચય: વિવિધ દાર્શનિકો દ્વારા રજૂ કરાયેલ 'અનુકરણ અથવા વિરેચન તરીકે કલા', 'કલ્પના તરીકે', 'સૌંદર્ય તરીકે', 'સંચાર તરીકે' અને 'ઉપયોગિતા તરીકે'

### એકમ ૫. પૂર્વ અને દક્ષિણ એશિયાઈ દેશોના નૃત્ય અને નાટ્ય સ્વરૂપો

- પૂર્વ એશિયાઇ (ચીન, જાપાન અને કોરિયા), દક્ષિણ એશિયાઇ (બાંગ્લાદેશ, પાકિસ્તાન અને શ્રીલંકા) અને દક્ષિણ-પૂર્વ એશિયાઇ (ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, વિયેતનામ, કંબોડિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ અને લાઓસ) દેશોના નૃત્ય અને નાટ્ય સ્વરૂપોની ઝલક
- ઉપરોક્ત દેશોના વિવિધ લોકપ્રિય નાટક અને નૃત્ય સ્વરૂપોનો ઇતિહાસ અને પ્રસ્તુતિ તકનીકો

## <u>નૃત્ય</u>

### એકમ ૬. સંસ્કૃત સાહિત્ય અને ગ્રંથોમાં નૃત્ય

- કાલિદાસ, ભાસ, શૂદ્રક અને અન્યની કૃતિઓમાં નૃત્યના સંદર્ભોનો સંક્ષિપ્ત અભ્યાસ
- પ્રાચીન અને મધ્યકાલીન સમયના ગ્રંથો - નાટ્યશાસ્ત્ર, અભિનય દર્પણ, સંગીત રત્નાકર, નૃત્ત રત્નાવલી અને નર્તન નિર્ણય પરથી નૃત્યને લગતી વિભાવનાઓની સામાન્ય સમજ. વિભાવનાઓમાં નાટ્ય, નૃત્ત, નૃત્ય, લાસ્ય, તાંડવ, માર્ગી, દેશી, બદ્ધ, અનીબદ્ધ, નર્તકી લક્ષણ, સભા લક્ષણ અને તેના જેવાનો સમાવેશ થાય છે. પાદ, હસ્ત, ચારી, મંડળ અને કરણ તેમજ અંગ, ઉપાંગ અને પ્રત્યંગના હલનચલનનો વિશિષ્ટ અભ્યાસ
- અભિનય દર્પણનો વિગતવાર અભ્યાસ અને હસ્ત લક્ષણ દીપિકા, બાલરામ ભરતમ, અભિનય ચંદ્રિકા, શ્રીહસ્ત મુક્તાવલી અને અન્ય પ્રદેશ અથવા સ્વરૂપ વિશિષ્ટ ગ્રંથોનો પરિચય

- ભરતના નાટ્યશાસ્ત્ર, શારદાતનયના ભાવપ્રકાશન, ભાનુદત્તના રસમંજરી અને અકબર શાહની શ્રૃંગારમંજરી મુજબ નાયકો અને નાયિકાઓની વિવિધ શ્રેણીઓ, પ્રકારો અને તેમની અવસ્થાઓ

## એકમ ૭. ભારતીય શાસ્ત્રીય નૃત્ય

- ભારતીય શાસ્ત્રીય નૃત્યનો ઉદ્ભવ અને ઇતિહાસ
- ભરતનાટ્યમ, કથક, કથકલી, કુચીપુડી, મણિપુરી, મોહિનીઅટ્ટમ, ઓડિસી અને સત્રીયાનો વિકાસ, તકનીક, વેશભૂષા, સંગીત, ગુરુઓ અને પ્રણેતાઓ
- હિન્દુસ્તાની અને કર્ણાટકી સંગીત પરંપરાઓના મુખ્ય તાલોની સામાન્ય સમજ
- જયદેવ, નારાયણતીર્થ, સૂરદાસ, મીરાંબાઈ, તુલસીદાસ, વનમાલીદાસ, ક્ષેત્રય્યા, શ્રીમંત શંકર દેવ, ગોવિંદદાસ, વિધાપતિ અને અન્ય સહિતના સંગીતકારો/વાગ્ગેયકારો અને તેમની કૃતિઓનો સંક્ષિપ્ત અભ્યાસ
- શાસ્ત્રીય નૃત્યના પુનરુત્થાન અને પુનઃરચનામાં રવીન્દ્રનાથ ટાગોર, રુક્મિણી દેવી અરુંડેલ, વલ્લથોલ નારાયણ મેનન, મેડમ મેનકા અને અન્યની ભૂમિકાનો અભ્યાસ

## એકમ ૮. સ્વતંત્ર ભારતમાં ભારતીય શાસ્ત્રીય નૃત્ય

- સ્વતંત્ર ભારતના મુખ્ય ગુરુઓ, કલાકારો, તેમની કૃતિઓ અને મહત્ત્વની સંસ્થાઓની ઝલક
- નૃત્યનું સંસ્થાકીયકરણ અને સ્વરૂપ, શિક્ષણશાસ્ત્ર, પ્રસ્તુતિ ભાથું વગેરે પર તેની અસર
- ભારતીય નૃત્યમાં નવી લહેર - ઉદય શંકર અને રામ ગોપાલની કૃતિઓ અને પછીના મુખ્ય સમકાલીન કલાકારો અને તેમની કૃતિઓ દ્વારા તેનો વિકાસ (દા.ત. શાંતિબર્ધન, નરેન્દ્ર શર્મા, સચિન શંકર, મૃણાલિની સારાભાઈ, માયા રાવ, કુમુદિની લાઠિયા, મંજુશ્રી ચાકી સરકાર, ચંદ્રલેખા, અસ્તાદ દેબુ અને અન્ય)
- વિદેશમાં સ્થાયી થયેલા ભારતીય સમુદાયમાં ભારતીય શાસ્ત્રીય નૃત્ય
- નૃત્યને પ્રોત્સાહન - સરકાર અને ખાનગી સંસ્થાઓની ભૂમિકા
- મહત્ત્વના નૃત્ય મહોત્સવો, પુરસ્કાર વિજેતાઓ અને નૃત્યમાં વર્તમાન ઘટનાઓ વિશેની જાણકારી

## એકમ ૯. નૃત્ય શિક્ષણ, શિક્ષણશાસ્ત્ર અને સંશોધન

- શાળા શિક્ષણ અને યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમના ભાગ રૂપે નૃત્ય
- ગતિવિજ્ઞાન અને લાબાન પદ્ધતિ પર આધારિત હલનચલન વિશ્લેષણ
- અગ્રણી વિદ્વાનો અને તેમની કૃતિઓ, જેમણે ભારતીય નૃત્યના જ્ઞાનમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે
- ૧૯૩૦ થી અત્યાર સુધી ભારતમાં નૃત્ય પ્રશિક્ષણ અને સંશોધનમાં મુખ્ય પ્રવેશદ્વાર જેમ કે નૃત્યના પ્રયોજિત ક્ષેત્રો, ચિકિત્સા, આંતર-સાંસ્કૃતિક પ્રશિક્ષણ વગેરે

## એકમ ૧૦. આંતરરાષ્ટ્રીય નૃત્ય અને આંતરક્રિયાઓ

- યુરોપ, રશિયા અને અમેરિકામાં શાસ્ત્રીય બેલેના ઇતિહાસ અને વિકાસનો અભ્યાસ
- પશ્ચિમમાં આધુનિક નૃત્યનો ઉદ્ભવ અને તેમાં સામેલ મુખ્ય હસ્તીઓ
- પ્રોડક્શન ડિઝાઇન (નિર્માણ રચના) ના સંદર્ભમાં ભારતીય નૃત્ય પર પશ્ચિમનો પ્રભાવ

# <u>નાટક/થિયેટર</u>

## એકમ ૬. નાટક અને તેના સિદ્ધાંતો: ભારતીય અને પાશ્ચાત્ય

- નાટકનો ખ્યાલ - ભારતીય અને પાશ્ચાત્ય
- ભારતીય અને પાશ્ચાત્ય નાટ્યશાસ્ત્ર મુજબ નાટકના તત્ત્વો અને સંરચના
- પાશ્ચાત્ય નાટકોના વિવિધ વર્ગીકરણનો સંક્ષિપ્ત અભ્યાસ – કરુણાંતિકા, સુખાંતિકા, મિશ્ર નાટક (ટ્રેજિક કોમેડી), મેલોડ્રામા અને પ્રહસન
- નાટકના સંદર્ભમાં યથાર્થવાદ, પ્રકૃતિવાદ, પ્રતીકવાદ, અભિવ્યક્તિવાદ, વિસંગત (એબ્સર્ડ) અને મહાકાવ્યાત્મક (એપિક) સહિતના વિવિધ વાદનો સંક્ષિપ્ત પરિચય
- નાટ્યકારો અને તેમનું પ્રદાન:
- સંસ્કૃત – કાલિદાસ, ભાસ, શૂદ્રક, ભવભૂતિ, વિશાખાદત્ત, ભટ્ટનારાયણ; પ્રાચીન ગ્રીક અને રોમન – એસિલસ, સોફોક્લીઝ, યુરિપિડિસ, એરિસ્ટોફેનીસ, સેનેકા; પાશ્ચાત્ય – શેક્સપિયર, મોલિયર, ઇબ્સન, બ્રેખ્ત, પિરાન્ડેલો, મિલર, ચેખોવ, બેકેટ, આયોનેસ્કો

## એકમ ૭. આધુનિક ભારતીય થિયેટર

- પ્રદેશ, રાજ્ય અને હસ્તીઓના સંદર્ભમાં આધુનિક ભારતીય થિયેટરનો ઉદ્ભવ અને વિકાસ
- રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે સ્વાતંત્ર્ય ચળવળ પછી થિયેટરમાં નવા પ્રવાહોનો સંક્ષિપ્ત અભ્યાસ, જેમ કે ઇપ્ટા આંદોલન, નવનાટ્ય આંદોલન, રૂટ થિયેટર આંદોલન, ત્રીજું થિયેટર, વૈકલ્પિક થિયેટર, શેરી નાટક, શોષિતોનું થિયેટર, પ્રયોજિત થિયેટર, ફોરમ થિયેટર, સાઇટ સ્પેસિફિક થિયેટર
- વિવિધ પ્રદેશોના મુખ્ય નાટ્યકારો, દિગ્દર્શકો અને અન્ય પ્રદાન આપતી હસ્તીઓની ઝલક, જેના નાટકો રાષ્ટ્રીય સ્તરે વ્યાપકપણે ભજવાય છે
- ભારતમાં લોકપ્રિય નાટ્યગૃહો, નાટ્ય કંપનીઓ, સંસ્થાઓ અને જૂથો અને તેમનું પ્રદાન

## એકમ ૮. અભિનય અને દિગ્દર્શન

(અ)

- અભિનયની વિવિધ શૈલીઓ – પાશ્ચાત્ય અને પૂર્વીય
  1. પ્રારંભિક કાળ- ગ્રીક, રોમન, એલિઝાબેથન, કોમેડિયા ડેલ આર્તે
  2. આધુનિક કાળ – પ્રતિનિધિત્વલક્ષી, સ્તાનિસ્લાવસ્કી, મેયરહોલ્ડ, બ્રેખ્ત, ગ્રોટોવસ્કી
  3. પૂર્વીય – સંસ્કૃત, પેકિંગ ઓપેરા, નોહ, કાબુકી
- અભિનેતાના પ્રશિક્ષણમાં મૂકાભિનય, અવાજ, વાણી, તાત્કાલિક અભિનય (ઇમ્પ્રોવાઇઝેશન) અને શારીરિક થિયેટરની ભૂમિકા

(બ)

- વિવિધ દિગ્દર્શક નવાચારો અને પદ્ધતિઓ
- થિયેટરમાં દિગ્દર્શકની ભૂમિકા
- નાટક દિગ્દર્શનના પાયાના સિદ્ધાંતો: સંતુલન, ભાર (એમ્ફસીસ), સંરચના, ચિત્રાત્મકતા, હલનચલન, ગતિ (ટેમ્પો) અને લય

- નિર્માણની પ્રક્રિયા: હસ્તપ્રતથી પ્રદર્શન સુધી

(ક)

- નિર્માણ પરના વિચારો
    1. યથાર્થવાદી : ડ્યુક ઓફ સેક્સ મેઇનિંગન, સ્તાનિસ્લાવસ્કી, એલિયા કાઝાન, એન્ટોઇન
    2. બિન-યથાર્થવાદી : બ્રેખ્ત, મેયરહોલ્ડ, પીટર બ્રુક, ઓગસ્ટો બોઆલ
- સ્વાતંત્ર્યોત્તર ભારતીય થિયેટર આંદોલનો પર ઉપરોક્ત વિચારોની અસર

## એકમ ૯. થિયેટર ડિઝાઇન અને તકનીકો

(અ)

- થિયેટર સ્થાપત્ય: ગ્રીક, રોમન, એલિઝાબેથન, થ્રસ્ટ સ્ટેજ, પ્રોસીનિયમ, એરેના, ઓપન સ્ટેજ
- સંસ્કૃત : વિકૃષ્ટ – મધ્યમ નાટ્યગૃહો
- શાસ્ત્રીય યુગના ચીની, જાપાનીઝ નાટ્યગૃહો

(બ)

- મંચ કલા: વિવિધ પ્રકારના નાટ્ય નિર્માણના સંદર્ભમાં સેટ, પ્રકાશ, વેશભૂષા, રંગભૂષા, ધ્વનિ, પ્રોપ્સ (સાધન-સામગ્રી), અન્ય કલાઓ અને થિયેટર સંગીતના પાયા અને કાર્યો
- શાસ્ત્રીય ભારતીય, ચીની, જાપાનીઝ અને ભારતીય પરંપરાગત થિયેટરમાં આહાર્ય અને નેપથ્ય વિધિ

(ક)

- થિયેટર વ્યવસ્થાપન અને સંગઠન

(ડ)

- બાળ થિયેટર, પ્રયોજિત થિયેટર, સામુદાયિક થિયેટર, શિક્ષણમાં થિયેટર, શોષિતોનું થિયેટર અને નારીવાદી થિયેટર

## એકમ ૧૦: થિયેટર શિક્ષણ, શિક્ષણશાસ્ત્ર અને સંશોધન

- પ્રાથમિક શિક્ષણ અને યુનિવર્સિટી પ્રણાલીમાં અભ્યાસક્રમના ભાગ રૂપે થિયેટર
- પરંપરાગત થિયેટર તાલીમની પ્રસ્તુતતા
- ગતિવિજ્ઞાન, યોગ, થિયેટર ગેમ, યુદ્ધકળા, લોક, કઠપૂતળી અને અન્ય સ્વરૂપો પર આધારિત હલનચલન વિશ્લેષણ
- ભારતીય થિયેટરના જ્ઞાનમાં પ્રદાન આપનારા અગ્રણી વિદ્વાનો અને તેમની કૃતિઓ
- ભારતમાં ભારતીય થિયેટર સંશોધન અને વિદ્વતાના પ્રવાહો
- થિયેટરને રાજ્યાશ્રય/પ્રોત્સાહન - આઝાદી પછી મુખ્ય સંસ્થાઓ, સંગઠનો, સરકાર, કોર્પોરેટ, ખાનગી સંસ્થાઓ અને હસ્તીઓ
- મહત્ત્વના થિયેટર મહોત્સવો, પુરસ્કાર વિજેતાઓ અને થિયેટરમાં વર્તમાન બાબતો વિશેની જાણકારી